# કાળના ગર્ભમાં શું સમાયેલું છે, કોઈને પણ ખબર નથી

**આચમન**
**બિપિન પટેલ**

૧૨ જૂન ૨૦૨૫નો એ ગોઝારો દિવસ! એ કરુણ દુર્ઘટના માનસપટ પરથી હજી ભૂંસાય નથી. તેનું અચાનક સ્મરણ થતાં જ હૃદય જાણે ધબકાર ચૂકી જાય છે! ભલભલા પથ્થર દિલને પણ રડાવી ગઈ હતી એ ગમખ્વાર ઘટના! અમદાવાદના એરપોર્ટ પરથી ઊડેલું વિમાન ઘડીના છઠ્ઠા ભાગમાં ભસ્મીભૂત થઈ ગયું અને તેમાં બેઠેલા તમામ યાત્રીઓની જીવનયાત્રા ત્યાં જ સમાપ્ત થઈ ગઈ! કોઈએ કલ્પના પણ ક્યાંથી કરી હોય કે વિમાન ટેક ઓફ કર્યા પછી ગણતરીની સેકન્ડમાં જ નષ્ટ થઈ જશે. યાત્રીઓ પોતાના કલ્પનાના સ્વપ્નામાં રાચતા રહ્યા અને એક જ ઝાટકે તેમનાં સ્વપ્નાંઓ પણ તેમની સાથે જ બળીને ભસ્મ થઈ ગયાં! તેમનાં સ્વજનોએ સ્વપ્નમાં પણ વિચાર્યું ન હશે કે તેમણે જેમને યાત્રાની શુભેચ્છા પાઠવી છે તેઓ અકસ્માતનો ભોગ બનીને અનંતની યાત્રાએ ઊપડી જશે.

આ માનવ-શરીર ક્ષણભંગુર છે. કઈ ક્ષણે તેનો અંત આવશે કે કયો શ્વાસ અંતિમ શ્વાસ હશે તે કોઈ જ નથી જાણતું! છતાં ભારે આશ્ચર્યની વાત તો એ છે કે આપણે સૌ એ રીતે જીવીએ છીએ કે જાણે આપણે મરવાના જ નથી! એક વાર યક્ષે યુધિષ્ઠિરને પ્રશ્ન કર્યો, ‘‘આ જગતનું સૌથી માનવી જુએ છે કે દરરોજ કોઈ ને કોઈ મરે છે; મરનારની સ્મશાનયાત્રામાં પણ તે ક્યારેક જાય છે. છતાં પોતાની સ્મશાનયાત્રાનો તેને કદી વિચાર જ નથી આવતો. બસ! મસ્ત બનીને ભવિષ્યની યોજનાઓ ઘડતો રહે છે; મનમાં અનેક મનોરથ કરતો રહે છે અને વિવિધ કાર્યોની તૈયારી પૂરા ઉત્સાહથી કરતો રહે છે પરંતુ મૃત્યુના આગમનને વધાવવાની તૈયારી કરવાનું તે ને ક્યારેય સૂઝતું નથી. મોટું આશ્ચર્ય કયું?’’ યુધિષ્ઠિરે કહ્યું, ‘‘માનવી દરરોજ જુએ છે કે જેનો જન્મ છે, તેનું મૃત્યુ અવશ્ય થાય છે. પોતાનાં સગાં-સંબંધીઓ, મિત્રો કે સ્નેહીજનોને પણ તે મરતાં જુએ છે. છતાં પણ પોતાના મૃત્યુનો વિચાર તેને કદી આવતો નથી. પોતે જાણે મરવાનો જ નથી એ રીતે સંસારના સંબંધો અને વિષયભોગોમાં રચ્યોપચ્યો રહે છે. મોજ(!)થી જીવે છે. આનાથી મોટું બીજું કયું આશ્ચર્ય હોય શકે?’’ યુધિષ્ઠિરનો જવાબ ગંભીર છે અને સમજવા જેવો પણ છે. માનવી જુએ છે કે દરરોજ કોઈ ને કોઈ મરે છે; મરનારની સ્મશાનયાત્રામાં પણ તે ક્યારેક જાય છે. છતાં પોતાની સ્મશાનયાત્રાનો તેને કદી વિચાર જ નથી આવતો. બસ! મસ્ત બનીને ભવિષ્યની યોજનાઓ ઘડતો રહે છે; મનમાં અનેક મનોરથ કરતો રહે છે અને વિવિધ કાર્યોની તૈયારી પૂરા ઉત્સાહથી કરતો રહે છે પરંતુ મૃત્યુના આગમનને વધાવવાની તૈયારી કરવાનું તેને ક્યારેય સૂઝતું નથી.



> “માનવી જુએ છે કે દરરોજ કોઈ ને કોઈ મરે છે; મરનારની સ્મશાનયાત્રામાં પણ તે ક્યારેક જાય છે. છતાં પોતાની સ્મશાનયાત્રાનો તેને કદી વિચાર જ નથી આવતો. બસ! મસ્ત બનીને ભવિષ્યની યોજનાઓ ઘડતો રહે છે”

જરા થોભો! વિચારો! કાળના ગર્ભમાં શું સમાયેલું છે તે કોઈ જ જાણતું નથી. રાતના મનોહર સ્વપ્નાં જોનારને એ ખબર નથી કે સૂર્યોદય તેને માટે શું લાવશે? શ્રીરામચરિત માનસના અયોધ્યાકાંડનો એ પ્રસંગ તો જગપ્રસિદ્ધ છે. મહારાજ દશરથ પણ ક્યાં જાણતા હતા કે સવારે શું થવાનું છે? એટલે જ તો ભરી સભામાં તેમણે ઘોષણા કરી દીધી કે આવતીકાલે રામનો રાજ્યાભિષેક થશે. આનંદના એ સમાચાર અગ્નિની જેમ નગરમાં ફરી વળ્યા. સૌ ઉત્સાહભેર તૈયારી કરવા લાગ્યા. સૌની નજરમાં એક સ્વપ્નું રમવા લાગ્યું- રામ રાજા બનશે, સીતા મહારાણી બનશે! પરંતુ ન જાણ્યું જાનકીનાથે કે સવારે શું થવાનું છે? રાત વીતી ગઈ. સૂર્યોદય તો થયો. પરંતુ રામને રાજ્ય નહીં, વનવાસ રૂપી કાંટાવાળો માર્ગ મળ્યો! સૌના સ્વપ્ના રોળાયાં! ‘મા! પિતાએ મને વનનું રાજ આપ્યું છે - પિતા દીન્હ મોહિ કાનન રાજુ આશીર્વાદ આપો મને...’ કહેતાં રામે વનનો માર્ગ પકડ્યો!

કોણ કહી શકે કે આવતી ક્ષણે શું થશે? જાગ્યા ત્યાંથી સવાર! શું આપણે પ્રત્યેક ક્ષણ અને પ્રત્યેક શ્વાસને ભગવદમય બનાવવાનો પ્રયત્ન કરીશું? જેમાં જ માનવ જીવનની સાર્થકતા છે! આ માનવજીવન તો ક્ષણભંગુર છે. એનો એક જ હેતુ છે- ભગવદ્ ભક્તિ! ભગવદ્પ્રાપ્તિ!

---

# સુખને ક્યાં શોધવું?

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**



સુખની વ્યાખ્યા દરેક માણસદીઠ અલગ અલગ હોઈ શકે પણ આપણે જેને સુખ માનીએ છીએ તે સાચું સુખ ન પણ હોય. સુખ અને દુઃખ એ મનનું કારણ છે એમ કહેવાય છે. એટલે જે ઈચ્છા મુજબ મળે, ઈચ્છા મુજબ થાય તે સુખ અને ઈચ્છા મુજબ ન થાય તો અસુખ એવું મોટાભાગે લોકો માને છે.

પણ ઈચ્છાઓ પર નિયંત્રણ હોય અને આત્મ નિરીક્ષણ કરી શકો તો સાચું સુખ જરૂર પ્રાપ્ત થશે.

અહીં એક મોટો વેપારી છે. એ પોતાની જાતને ખૂબ સુખી માને છે. એની પાસે અઢળક ધનવૈભવ, બંગલો, મોટરકાર વગેરે બધું જ છે. એનો વેપાર-ધંધો પણ ધમધોકાર ચાલે છે. ધંધામાંય નીતિ- અનીતિ બધું ચાલે છે. એ પોતાની જાતને મોટો શેઠિયો માને છે પણ ક્યારેક એ દુઃખી થઈ જાય છે ત્યારે કે એને કોઈ સંતાન નથી. એ બાબતનો વિચાર એને આવે છે. છતાંય એ કમાવાની દોડમાં પાછો નથી પડતો. શરીરે પણ દુઃખી છે. અડધી ઉંમર પહોંચેલો આ માણસ કંઈ કેટલાય રોગ લઈ બેઠો છે અને તેથી એને ખાવું હોય તે ખાઈ નથી શકતો, ચાલી નથી શકતો, પૂરતું ઊંઘી નથી શકતો.

> “આપણે જેને સુખ માનીએ છીએ તે સાચું સુખ ન પણ હોય. સુખ અને દુઃખ એ મનનું કારણ છે એમ કહેવાય છે. એટલે જે ઈચ્છા મુજબ મળે, ઈચ્છા મુજબ થાય તે સુખ અને ઈચ્છા મુજબ ન થાય તો અસુખ એવું મોટાભાગે લોકો માને છે”

એને તમે કઈ રીતે સુખી કહી શકશો? બીજો એક માણસ જે મારા ફ્લેટના પાછળના ભાગમાં ઝૂંપડું બાંધી રહે છે. તે મજૂરી કરે છે. રોજ સવારે પગરિક્ષા લઈ નીકળે છે. સાંજે ઘરે આવે ત્યારે રોજ હાથમાં થેલી હોય છે બે બાળકો છે. તેમના અને પત્ની માટે રોજ કંઈ લઈને આવે છે. એ લારીમાં બેસી બધાં ખાય છે. રાત પડતાં જ બધાં સૂઈ જાય છે અને સાવર થતાં પાછો એ જ નિત્યક્રમ.

પણ એ શરીરે સશક્ત છે, ઘણી વાર મને મળે ત્યારે કહે છે, ‘‘સાહેબ, માતાજીની દયા છે. મને નખમાંય રોગ નથી, એ પણ અડધી ઉંમરે પહોચેલો છે પણ પોતાની જાતને ખૂબ સુખી માને છે. એનું સુખ પેલી પગરિક્ષામાં બધાંય બેસી લાવેલો નાસ્તો કે ફળફળાદિ ખાવામાં છે. એનું સુખ વર્ષે એક વાર દિવાળી પર પત્ની અને બાળકો માટે લેવાતાં એક જોડી કપડાંમાં છે. એનો છોકરો ભણવામાં હોંશિયાર છે એથી યે એ પોતાની જાતને ભાગ્યશાળી ગણે છે.

બોલો ખરું સુખ ક્યાં છે? સુખનું સાચું સરનામું આ ઝૂંપડામાં છે, આત્મસંતોષમાં છે. પેલા વૈભવી બંગલામાં તો કદાચ નહીં જ!

---



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.15 થી તા.21 જૂન 2026

**તા.15, સોમવાર,**
અધિક જેઠ અમાસ-અધિક પુરુષોત્તમ માસ સમાપ્ત સોમવતી અમાસ, એકમ ક્ષય તિથિ, ફાધર્સ ડે.

**તા.16, મંગળવાર,**
નિજ જેઠ સુદ બીજ- ચંદ્રદર્શન.

**તા.17, બુધવાર,**
નિજ જેઠ સુદ ત્રીજ- રંભા તૃતીયા વ્રત, મહારાણા પ્રતાપ જયંતી. હિજરી સન1948 પ્રારંભ.

**તા.18, ગુરુવાર,**
નિજ જેઠ સુદ ચોથ- વિનાયક ચોથ, ગુરુપુષ્યામૃત સિદ્ધિ યોગ, અર્જુનદેવ શહીદ દિન.

**તા.19, શુક્રવાર,**
નિજ જેઠ સુદ પાંચમ

**તા.20, શનિવાર,**
નિજ જેઠ સુદ સાતમ- વિશ્વ યોગ દિન, ભાનુ સાતમ, સૌર વર્ષા ઋતુ પ્રારંભ.

**તા. 21, રવિવાર,**
નિજ જેઠ સુદ સાતમ- વિશ્વ યોગ દિન, ભાનુ સાતમ, સૌર વર્ષા ઋતુ પ્રારંભ.

## સુવિચાર

> “દરેક માણસ પાસે સમયની સમાન સંપત્તિ હોય છે પરંતુ જે તેનો સદુપયોગ કરે છે તે જ સફળ થાય છે. સમયનું મહત્વ સમજો, કારણ કે સમય જ સૌથી મોટો ગુરુ છે”